કીસમતની કહાણી.

નીતીની બોધ આપનારી
રસીલી વારતા.

ભાગ ૧ લો

દોહરા સમજી સજન સહુનરનાર ॥
કાયા માટીમાં મળનાર ॥

આ ચોપડી પ્રગટ કરનાર
શેખ અલીમાહમદ ગુલામહુસેન.

[illegible] વિજય છા છાપ્યું

કીમત ૧ આનો.

કીસમતની કહાણી.

ભાગ ૧ લો.

મુંબઇ શહેરમા એક ઉંચ ખાનદાનનો નબીરો સપટેંબર માસમા શનીવારની સાંજે એક ઉરસના મેલાવડામાં મેલાવડાની મોજ લેવા બાગની ખુણાની એક બેંચપર બેસી વીચારમા ગરક થઈ ગયો હતો. વાંજાનો અવાજ અને માણસોની આવ-જાવ તરફ તેનું ધ્યાન ખેચાતું નહોતુ. મેળાવડામાં જીઆરે દરેક માણસ રમત ગમતમા ભાગ લેતા હતા, તીઆરે તેજ એકલો જાણે પોતાનો બળાપો કરતો હોય તેમ વીચારમાં ગરક થઇ ગયો હતો. તે જુવાનીઆની ઉમર આસરે વીસેક વરશની માલમ પડતી હતી. અને તે સાધારણ પોશાકમા સજ થયલો હતો. તેનો ચહેરો ફીકો પડી ગયો હતો. જે છુપવાને વાર-વાર રૂમાલ મોઉપર ધસતો હોય તેમ દેખાતું હતું. આવી સ્થીતીમાં મે તેને દુરથી જોયો ને ધારયું કે, તેને નોકરીપરથી કહાડી નાખવામા આવીઓ હશે. યાતો એના ઘરમા કાઇ માઠા બનાવ બનીઓ હશે. યાતો કંઇ વહાલી તરફથી ઠપકો હશે. એવાએવા અનેક વીચાર કરતો હુ તેની નજદીક તેના બળાપામાં ભાગ લેવા ગયો.

અને મે તેને સલામ કરી અને તેના પડોશમાં પાટલીપર જગ્યા લીધી. અને કશુ જાણતો નહી હોઉ તેમ તેની તરફ નજર કરી પુછીઉ, કેમ શેઠ તમો ભરૂચ રહો છોની ? નહી. તેણે કહ્યુ. નાજી, હું અહીજ રહુ છું. મે ટકોર કરીને અહી એટલે આ મેલાવડામા ? મેલાવડામા રેવાને તો કંઈ ઘર નથી; તો અહી એટલે પાટલીપરજ રહો છો ? આ ઉપરથી તેને જરા હસવું આવીઉ અને જાણે ગમના પડદો ખસેડી ખુશીની વાત કરતો હોય એમ લાગીઉ. મે પુછીઉ, આપનુ નામ શું સાહેબ ? મારૂં નામ અલી મોહમદ આ ઉપરથી મે ધારીઉ જે આશખશને મે કીઆ જોયલો હોય એમ દેખાય છે. આ ઉપરથી મે ટકોર કરી જે આપ તો રેલવેમા નોકર છોની ? મે તમને ...ના સ્ટેશનપર ટીકીટ કલેકટર તરી કે જોયા હતા. ના સાહેબ, હુ કીઆ નોકરી નથી. હુમારો પોતીકાનુ ધંધો ચલાવુ છુ. મે પુછીઉં સાહેબ ! તમારી તબીયત હાલમાં ઠીક નહી હોય એમ લાગે છે. નહી હા મી. ખુશરો એમજ ચાલીઆ કરે છે. મી. તમો કાઈ દવા ... કરો, તમારો ચહેરો મને ઘણો ફીકો લાગે છે. પણ મી. ખુશરો દવા દારૂ તો ઘણીએ કીધી; પણ બીતરનુ દરદ કંઈ દવાથી નરમ પડે નહી. અને એ દરદ ... થાય છે તે કહુ તો વખત ઘણો નીકળી જાય. પણ મી એનુ ટુંકનામ ઘર સંસારનું બળાપો છે. મી. ખુશરો

હવાલ પુછવાને તમને શું શોખ થઈ આવીઓ છે? હુ તે અહવાલ જાણવા માંગુ છુ. મી. ખુશરો ! તમે કહેવત નથી શાંભળી? આ ઉપરથી મને એક કહેવત યાદ આવીછે તે શાંભળો. તુલસી કહી ગયોછે કે—દહોરો "સજન પરઘર જાય કે દુખ ન કહી એ રોય= ભરમ ગમાવે આપકા બાટ શકે ન કોય"— મી. અલી આમદ ! એ વાત હુ તમારી ખરી જાણુ છુ જે ઇનશાનપર પર પડેલા દુખ કાંઇ ઈનશાન ટાળી શકનાર નથી. સીવાય તે દાદગરથી પણ મારી ખરી મતલબ આપને કેહવાની એ છે જે ઓળખ મીતર મળે તીઆ આપણી વાત ચીંત કરવાની આપણી મુખ્ય ફરજ છે. મી. ખુશરો તીઆરે શાંભલો. પરમેશ્વરની ગતી ગહન છે. ને કોઈને રાજ કરાવે છે કોઈને રખળતા રજળતા કીધા છે; કોઈને ભીક માંગતા કીધા છે. અને કોઈને અનેક પરકારના દુખને દાદગર આપીઆ છે. કોઇને ખોટી આશા આપી ઉપર "આસમાનપર ચડાવે છે અફસોસમાજેથી હવા પછાડી તે બીચારાના ચુરચુરા કરી નાખેછે. મી. ખુશરો મારા આવખ આ હાલ છે. સાંભળો.

ચોપાઈ—ગરીબાઇ તહારો મહાકેહર છે ॥ અનાથો થકી માં તને મહેર છે ॥ તંવંગર કરેછે જુઓ આજ રાજ ॥ રંક કેનો કોણ બોલે અવાજ ॥

મી. અલીઆમદ ! ઇશ્વર પલમા ચાહે તે ... નાખે છે. રંકને

રાય કરેછે અને રાયને રંક કરેછે. મી. ખુશરો જવા દીઓ; એના ખેલ એ જાણે છે. મનુષ્ય જાતની સુ બીસાત જે તેના ભેદનો પડદો ખોલી શકે !

મી ખુશરો, હાલમાં તમારાથી મને કેટલાક સવાલ કરવા છે. તે તમો જાણો છો ? હું ધારૂ છુ જે આપને હમણા કઇ કામ નહી હોય એવુ લાગે છે, નહી વારૂ ? હા મી. અલીમામદ ! રાતની વેળા આપણને શુ કામ હોય ? રાતદિ વખત તો મોજ શોખની વાતુ કરીએ મી ખુશરો, હાલમાં તમો કીઆ કામ કરો છો ? હુ હાલમા પંચમહાલ ગોધરામાં કરૂં છું. વારૂ મી. ખુશરો તીઆરે મારા જાણ પરમાણે તીઆ પારસીની વસતી તો ઘણી હશે. ખુશરોએ રડતા જવાબ દીધો, હા ભાઈ, પારસી ઓ છે તો ખરા. પણ ને બધા આગળાપર ગણવાના છે. પારસી જ્યાં હોય તીઆણી સરખાં અને નહી હોય તીઆણી સરખા. આપણે સાદા માદાને વીસ રૂપડીના પગારદાર પડીઆ, આપણી પાસે કઈ ગળે બાંધવાના કુતરાંના કોલર નહી કે શોકના કાળા નેકટાઈ નહી ને તેઓ તો સાહેબ. કોઈ ટરેઝરી ઓફીસર તો કોઈ મેડીકલ ઓફીસર, કોઈ સુડસ કલારક તો કોઇ હેડ કલારક એવા એવા સો દોહડસોના ંગ પગારધારો પડીઆ. એટલે આપણે કંઇ તેઓની ત્રીજમાં નહી. [illegible] મી. ખુશરો, આપણા મુંબઇ હાલ"

અથવા દેશપરદેશમાં ધંધાઓની તથા હર કોઇ ચીજની હરીફાઇ બહુ વધી ગઇ છે. કોઇ એકજણ કંઇ વેપાર સુરૂ કરે. તો રપતે રપતે બધા તેની નકલ કરવા મંડી જાય છે. અથવા કોઇ ખરાબ સંગત કરે, તો તેને દેખીને એવા અભ-ણલોકો તેમ કરવા મંડી જાય છે.

સાંભળો મી. ખુશરો, હીંદુસ્તાનને દારૂ અને અફીણ કરતા જો વધારે સુસ્તી બનાવ્યો હો તો તે આપણી ચાય છે. મી. ખુશરો એના બગાડા સુછે, તે અત્રે લંબાણથી કેહવાની હુ જરૂર જોતો નથી. પણ એજ ચાય પાચન શકતી લુલી પાડી મગજને નબળુ કરેછે. ઘાલુ પાલિસો કરી નાખી એવત્રોકે શરીરના મુખ્ય બંધાણોને મોટુ નુકસાન પુગાડે છે. ખરૂ જોતા અફીણ કરતા વધારે ખરચાળ અને પકી કેફી ચીજ છે. જેમ અફીણ એક વખત વાપરીઆ પછી છોડાતુ નથી, તેમ એ ચીજ પણ છુટતી નથી. દરેક કેફી ચીજો જેમ વધારે ને વધારે પીવાને ગમે છે, તેમ એક વખત ચાયના પીનારાને ને બે વખત, ને બે વખત પીનારાને તે ચાર વખત પીવાને લલચાવે છે. અફીણ આગલા વખતમાં રજપુત રાજાઓ ગરાશીઆ અને એવા એવા ઉંચ ખાનદાનોને અને નરમ બનાવ્યા હતા. તે કરતા આ ચાયતો આખા હીંદુસ્થાનને વધારે નરમ બનાવવા માંડીછે છે. એક શ્રીમંત

શેઠીઆથી તે ગરીબમા ગરીબ ભંગી સુધી દરરોજ તેનો ઉપયોગ કરતો જણાય છે. આ ઝેરી ચીજનું આટલો બોહળો ફેલાવો આપણે ફકત ૨૦।૨૫ વરસના ટુંક અરસામાં કરીઓ છે. તે કાંઈ સસતુ પીણુ નથી. તે ઘણાને બલકે ઘેરના એક પીધુ તો દરેકને તે વ્યસન લાગુ પડે છે. અને અફીણુ અને દારૂ જેવી ઘણી ગંભીર પરકારની નુકસાની પુગાડે છે એ ત્રણે વ્યસનથી ખોરાક બહુ થોડા પ્રમાણમાં ખ- વાય છે. દેહ તવાઇ જાય છે. અને આ ગરમ મુલકમા તો તે તદનજ નુકસાનકારક પુરવાર થઇ ચુકીઆ છે. એથી પણ મોટા પ્રમાણમા ફેલી ગએલુ ચોથુ વ્યસન બીડી તમાં- કુનુ છે જેના અવગુણો પણ અફીણ, દારૂ અને ચાયનાં કરતા ઓછા નથી અને તેના દોશ દરેક પીનાર સમજે છે. વળી હીંદુસ્થાનમાં તો હવે બીડીનો બપાવો ચીરૂટ આવીઓ છે. એ કઈ જેવી તેવી કમબખતી નથી. પણ એ બેવકુફો સમજતા નથી કે એ પીણુ આપણ દેશમા ઢેડા દુબળા અને એવા નીચ વરગનુ હતુ જેઓ પણ ફકત ટાઢને સરદીની મોસ- મમાં કપડાની ગેર હાજરીને લીધે ગરમી લાવવા આંબાની પાતરાની ચીરૂટ બનાવી પીતા હતા. મી. અલીમામદ હું નહીં સમજતો હતો જે તમારો મગજ આવો હશે. મી. ખુ- આવી દરેક વાતોનો તો મને બહુ વીચાર થયા કરે છે.

મી. અલીમામદ, વારૂ ત્યારે એ ગ્રેજ્યુએટો એટલા બધા નબળા શાથી થતા જાય છે ? તે તેનુ કારણ હુ તો સમજી શકતો નથી. મી. ખુરશેો, ઘણાઘણા ઓ એમા સાર કાઢવાનો છે કે બાર વરસની ઉમરના છોકરાના ગુલાબી ગાલને બદલે ધોબીને ત્યાંના ધોએલા વાગા જેવા માલમ પડેછે. અગીઆરી અગીઆરી એકવીશુશો ને બારોબાર મરીશુ શો, એકે ઉંહુંઉઠને મામેમારી મુઠ શીખતા શીખતા તેઓના ભેજાપર સખત બોજો મુકવામાં આવે છે, જે નાહકનો બોજો મોટી ઉમરમાં યાદ રહી શકતો નથી. અને એવાને એવાં ભારી ફોરસથી મામો મુઠ મારેકે બાંચબાર મરી જવા જેવા થઈ જાયછે. સાત આઠ વરસનાં કુમળા બચ્ચાંપર ઇતીહાસ અને ભુગોળના વીશયો બહુજ સખત અસર કરેછે. અને તે વીશય છોકરાઓને કશા કામમા આવતો નથી. શુ તેમને એવી બાબતો મોટી ઉમરની શુ તેઓ શીખીને ઉઠી જવાના છે. ઈતીહાસના એટલી નાની ઉમરમાં એમરાજને ભુવડ શીખી, ખખલાને ભુવડ બની જાયછે. અણહીલપુર અને વલભીપુરનો ઈતીહાસ હવે કેટલોંક... યાદછે ? ગ્યાસુદીન તગલખ ને મહમદ ઘોરી નાની ઉમરમાં ગોખતા ગોખતા તેમની ફરીનસ ઢીલી પડી જાયછે. કેલવણી ખાતાના અમલદારો ઘણા વરસથી ચાલતા આવેલા અને સુધારાની જરૂર વાલા

વીશયોની વચે શા શબબથી આવતા નથી તે શમજી શકાતું નથી. એવા ઇતીહાસ ભુગોળ છઠ્ઠા સાતમાં ધોરણમાં શીખવામાં આવે તો ટુંક વખતમાં છોકરાઓ તે શીખી લાંબો વખત યાદ પણ રાખી શકે છે પહેલી ચોપડીમાંના વાવા મારૂ તેલ આપ એવા વીશયો હવે બદલવાની ખાસ જરૂર છે. કારણ પહેલી ચોપડીમાં આવનાર હાલના છોકરા મારતરને વેચી ચણા ખાવી જેટલી અકલ ધરાવે છે. તે બા ભુ શીખનારા ઓ હવે જતા રહયા છે. તો પણ તેવીજ ઢપે શીખવામાં-આવે છે એવાને એવા બેંજાફોડ વીશયોથી છોકરાઓના ભેજાપર બોજો વધી જેઈ લાંબો ઝુબબો પડતો જાય છે અને તેમાં વળી છોકરાના માબાપો એકદમ આજને આજ કેલવણી આપવાની હોશમા સ્કુલથી આવેકે વાંચને વાંચ, રમવાફરવા ગયો કે કમબખતી સમજજો, માટે વાંચ વાંચને વાંચ આવી ધાતકી કેલવણી આપવાથી નાનપણથી જામઇ ગયલો કુબબો છોડ મોટપણમાં સુધરતા નથી. સ્ત્રીઓને ગુજરાતી વાંચવા લખવા અને ધરમની કેળવણી લેતા આવડતું એટલે બસ છે તેમને બીજી ભાશા શીખવાની જરૂર જણાતી નથી. સબબ દરેક સાહીત્યોને ગુજરાતીમા તરજુમો થયો છે. અને હાલના અનુભવથી સાબેત થયું છે કે બહું કેલવણીથી તેઓ ઘર સંસારના કામથી વેગળા રહી ધરતરના હાંસલા બની જઈ

સંસારમાં એક બોજા સમાન થઈપડી ખાના ખરાબીનો ખાડો ખોદે છે. હાલના કેળવાયલોની મુખ્ય ફરીઆદ બદહજમી, પેટની કબજીઆત અને દરેક જાતની નબળાઈ છે. માટે એ બાબત મુખ્યત્વેકરી ધ્યાન ધરવી જોગ છે આતો છોકરવાદી જીંદગીની વાત કરી. પણ મી. અલીમામદ, એમાથી મરદની જીંદગીમાં આવતા સતર વીસ વરસની ઉમર લગન અને સંસારની જુસરીમાં પડવા ઉપરાંત પોતાનું પેટ ભરવાનો ઉદર સોધવાની મોટી જંજાલમાં તેઓને એટલી જરૂર પડેછે એટલે એવા માણુસોની લોહી પાણી તે સાનુ આવેને તે બાંધો મજબુત શાથી થાય અને તેમાં ખોરાકમાં જુઓ. તો ભાત દાળને વાલ, ચોળાનો ખોરાક, નવટાક દુધને ભાખરીને એવા એવા તેલ મરચાના સ્વાદીસ્ટ ખોરાકથી દુનીઆદારી વહેવાર તરફ વધારે લાગણી થવા સાથ બાંધો નબળો પડી પરન્ત પણ નબળી આવેછે ગુજરાતના લોકોનુ બૈરા માફક ચપચપ કાળું કાળુ બોલતું એ ઉપર જણાવેલા ખોરાક અને સંસારી રીવાજને લીધેછે. અને આવા આગળ જણાવેલા નબળા અને લોહી વગરના બાંધાને પડતા અસખ્ય ના ઝપાટાથી તે ટુંક વખતમાં એટલે જુવાનીમાં ઘરડો

જુવાન વયમાં પોતાની જંજાળથી દુર થઈ કીરતારની ગોદમાં ચાલીઓ જાયછે. હાલના સંખ્યા બંધક વખતના

મોત આગળ કદી થતા ન હોતા. આગળ કોઇ તીરીસ પાતરીસ વરસનો મરી જાય તો હોહાકાર થઇ રહે તો. પણ હાલમાં બાપ પહેલા છોકરોને દાદા પહેલા બાપ જવાના દાખલા સાધારણ જેવા થઇ ગયાછે. અને તેથીજ એ કુમળી ઉમરથી રંડાતી વીધવાઓના પુનરલગન કરાવાની જરૂર જણાઇ છે. કેટલાક શખશ એ સુધારાની વીરૂધ છે. તેનુ કારણ એ છે કે તેમના હૈયાં બહુ કઠોર હોય છે. સ્ત્રીની જાત તરફ તેઓ દયા દાઝ કે પીરીતીની કશી લાગણી ધરાવતા નથી. તેઓને જાનથી ઘેરની બૈરી નહી પણ બકરી મરી ગઈ હોય, તેટલા લાગણી હોય છે. એની કેટલીક કોમોને તો હું કસાઇ કરતા બુરી કહુ તો ભુંડુ નથી. ઉંચ વરણમા, ખપી તેઓ તેમની સ્ત્રી તરફથી ખરી લાગણી ધરાવતાં નથી.' તેમની સ્ત્રીઓના મરીગયા પછી તેમનો હકબાર સમજી સખતમા સખત હૈયુ પીગળી જાય છે. જ્યારે એજ પુરસો અઠવાડ પછી બાળી રહીઆકે સમસાન ભુમીમા બીજી સ્ત્રીનું માંગુ કબુલ રાખે છે. શુ તેમનું હૈયું પોલાદ કરતા પણ વધારે સખત હશે. વારૂ શીટકાર હોજો એ મરદનુ નામ ધરાવનારનેપર કે પોતાની બૈરીની રાખતો હજી બરોબર ટાડી પડી નથી. ... લામાં બીજી બૈરી કરવાં મંડી જાય છે. કેટલીક ઉંચ કો તો બૈરી મરવાને પાંચ દીવસ વાર હોય તો તે પહેલેથી બી.

છોકરાના માબાપ આવી તેમની છોકરી આપવા મંડીજાય છે. ને માંગણી તેઓ ખુશીની કબુલત સાંભળવામા આવે છે. અને જો કોઇને તીંઆ એવી માંગણીવાલા નહી આવે તો તેની આબરૂ પોશાતી નથી. મી. ખુશરો, જોયોઆ તેમની મૈરી તરફ પીઆર પનચાવન સાઠે વરસનો ઢાંકરો દસબાર વરસની કન્યાને પરણીને તેનો ભવ રદ કરી નાખે છે. તેમનામા એટલી ઉમરે શું વાલ વટાણા ને તેલ મરચાંનો પુરટીકારક ખોરાકથી તેજી આવે છે. ધીકાર હોજો એવી છોકરીના માબાપોપર કે પોતાની છોકરીને એબપાપી કસાઇને ત્યાં વેચે છે. ધીકાર હોજો એ પઇસાપર ને તેના લેનારપર ! શુ જૈન ધરમ આ રીવાજને હીનસામા ગણુતો નથી. આવીને આવીજ પોતાની મતલબી લાગણીને લીધેજ તેઓ પોતાની છોકરીઓ તરફ બેદરકાર ધરી પુનરવીવાહની આડે આવે છે. અને સ્ત્રી જાતપર એ અસહય દુખ હમેશ શુધીનું મુકવાને જરા પણ આંચકો ખાંતા નથી. જ્યારે મરદ જાત એક સ્ત્રીના મરવાથી પછી પાંચ ઘડી પણ કુંવારા રહેતા નથી ત્યારે તેઓ તેમની રંડાયલી પુતરીઓને હમેશને વાસતે દુનીઆદારીથી ન્યારી રહી માથુ બોડાવી કધરૂપી કરી ઘેરના એક ખુણામ ડાવે છે. એ સ્ત્રીપર કંઇ થોડો ગજબ અને બેઇનસાફ શું સ્ત્રી જાતને મરદ કરતા ઓછી ઇનદ્રીનુ ગીઆન છે

અથવા તેવી સ્થીતીમાં રહેવાને તેઓ જાતે ખુશી છે ? ના! ના! કદી નહી. મી. ખુશરો તે બીચારાઓ રંડાપાના બળાપાથી ઝુરઈ ઝુરઈ પીંજરામાં પુરેલી બીલાડી જેવી જીંદગી કહાડે છે. તો શા શબબથી તેઓ પોતે રંડાયા થોડો વખત પણ એવી જીંદગી કહાડતા નથી મી. અલીમામદ, જવાદો એવાં એવા વીચાર આપણને કરીને શુ લાભ થવાનું છે ? મી. ખુશરો આ વાત હુ લખી અને જાહેરમા છપાવીશ

સાંભળો મી. ખુશરો, હાલમા આપણા મુંબઈ શહેરમાં લગનનો રીવાજ ઘણો વધી ગયો છે. કોઈ બીચારાનો સગપણ કરવુ હોય તો દીકરીઓના માબાપ ... કોઈ તેમની વાત લઈ જાય નો પૈસાદાર હોય તો તે બીચારાની વાત જલદી સ્વીકારમાં આવે છે. અને જો ભોગ જોગે કોઈ સાધારણ ગરીબની વાત ગઈ એટલે તેમા હજારો તરેહના અવગુણ કાઢે. તે તો દારૂ પીવેછે, તે તો લુચોછે, તે આમચ્ચ છે, એવા એવા અનેક પરકારના તે બીચારામાં એબ કાઢસે પણ તેમા કાઈ એબ નહી હોય તોબી કાઢસે અને પઈસાવાલામાં હજારો તરેના ફેલો હસે તો તે નહી કાઢસે. કારણું તે એબ પઈસાથી છુપાઈ જાય છે. પઈસાની લાલચની પોતાની પીઆરી દીકરીઓનુ તેઓ ભવ બાળી નાખેછે. ગમે તે લુચો હોય અથવા વધારે ઉમર હોય પણ પઈસા જોઈ તેનેજ જલદી આપી દીએછે. મી. ખુશરો.

એવા લોકોને મને ટીકા કીધાવીના ચાલતુ નથી. વાંચનાર પીયે આ ઉપરથી મને એક વાત યાદ આવેછે જે શુરત શહે-રની અંદર એક ઉચ્ય ખાનદાનનો છોકરો રેહતો હતો. તેના ઘરમા ફક્ત ત્રણ જાણા હતા. જેમા એક ડોશી હતી તેની ઉમર લગભગ સાઠ વરસની હતી. અને એક તેનો દીકરો હતો જેની ઉમર ૧૮ થી ૨૦ વરસની હતી. અને એક તેનો બાપ હતો જેની ઉમર એસી વરસની હતી. હવે તે દીકરાના લગન કરવા સારૂ ગામે ગામ માંગા મોકલાવીઆ. જે તેજ ગામની અંદર એક પરચુરણ કીરીઆણાની નાનકડી દુકાન આવેલી હતી. જેની અંદર એક ડોસી તથા તેનો એક દીકરો અને એક જુવાન દીકરી હતી જેવો પોતાની જુજ આવકમા પોતાનુ ગુજરાન ચલાવતા હતા હવેતે જે ઉપર જણાવીઆ મુજબ તેઉ જે દોશીનુ છોકરાનુ નામ મુલચંદ કરીને હતુ તેનુ માગુ આ ડોશીની દીકરી ઉપર આવીઉ જે તે દીકરીની માઘણી ખુશી સાથે કબુલ કીધું. પીયે વાચંનાર, આ માંગુ તે કબુલ કરતે નહો. પણ છોકરાના બાપ સારા અસામી તથા પઇસાધાર હોવાથી તરત તે વાત નકી થઇ ગઇ બે લગનનુ સાદુ થઇઉ. સરબત પાવામાં આવીઉ વીવાહનુ [illegible] મુકરર કરવામાં આવીઉ. વીધાતા તેના લેખ લખી [illegible] દીઆ તે છોકરાના ધુમ ધામથી મોટા પાયા અને

મોટા ખરચ સાથે. તેના વીવાહ થયા. પરમેશ્વરની ગતી નીઆરીજ છે. લગન થયા બાદ તન ચાર મહીનાની અંદર તેઓ છોકરાના માબાપ પાસે પઇસો હરી ગયો ગરીબ સ્થીતીમા આવી ગયા. તીઆરે છોકરીની મા એ વીચાર કીધુ જે હવે કંઇ તલમા તેલ નથી મારો જમાઇની હાલત બહુ ખરાબ થઇ ગઇ છે. માટે હવે મારી દીકરીને મારા ગરે લઇ જાઉ વાનો અને કીયા બાર ગામમાં ભગાડીને લઇ જાઉ તો મારી છોકરીને સુખ થાય અને દુખના પંજામાંથી છુટી જાય. એવા એવા તે દુશટ અનેક પરકારના વીચાર કરીને તેને જમાઇને ઘરે ગઇ બાદ જમાઇએ સાસુને સારો સતકાર આપી અને ખુરસી-પર બેસાડીઉ. મુલચંદની સાસુનું નામ જીવકોર હતુ.

જીવકોર કહે—મુલચંદ તમારી હાલત ખરાબ થવાથી મને બહુ ગમગીન પેદા થાયછે. મુલચંદ કહે, હશે મામી આ એક દરીઆની આવતી જતી ઓટ અને ભરતીછે. ગળીકમા ઓટ હોયછે અને ગળીકમા ભરતી હોયછે. ઇનશાનપર પઇસો એક દુપ છાંવ વળી પરમેશ્વર સારો વખત દેખાડસે. મુલચંદે તેની કરપીરણ મામી ખોટી આશા રાખનારી તેના ઉપર ધીકાર અને ફીટકાર હોજો તે લુચી ઠકારીને તે સારો બોધ આપવા લાંગી પણ તે હરામખોરની મનની વાતજ તો નીઆરીજ હતી. તે વાત વાચનાર તેનુ હમણા સમજસે. તે ઢોંગ ધુતારી પોતાના બોણા

જમાઈને જુતાવી ફુસલાવી અને પોતાની દીકરીને બે દીવસની રજા આપવા કહી તે બીચારો ભોળો મુલચંદે ખુશીતી પોતાના માબાપની રજા લઇને તેની બાયડીને રજા આપી. બે દીવસ વીતીઆ બાદ મુલચંદની માએ તેની વહુને તેડવા ગઇ. તો ચંડાલે રજા ન આપી અને ઉતર આપીઉ જે મારી દીકરી તો તમારા ઘરે બહુ નબળી પડી જાયછે, ઘરના કામકાજ કરવા પડેછે, પાણી ભરવુ પડેછે, મારી દીકરીને અનેક પ્રકારના દુખછે લુગડા અથવા દાગ—દગીના પણ નથી તોં કુમારી દીકરીને દુખમા નહી મે કહુ એવા એવા અનેક પરકારના ઢોંગ કરીને તે પાપણે ત્હાં મોકલાવી. વાચનાર વીચાર કરજો, મુલચંદ બીચારો પણીઆબાદ સુ સુખી થીઓ ખરેખર પુછો તો પયણીઆ બાદ તેની બાયડીના તેના ઘરમાં પગલા આવીઆથી તેનુ ઘરનુ બધે પઇસો સરસામાન દાગ દગીના બધે નાસ થઇ ગયો. મુલચદની મા ઘરે આવી પોતાના દીકરાને વાત કરી જે તારી બાયડીને મોકલાવતી નથી. મુલચંદ બીચારો નીસાસો મારી અને બેસી ગયો હવેતીઆ મુલચંદની સાસુ પઈસાની ગણી લોભી હોવાથી પોતાની પેટની ભવ બગાડવા લાગી. જેવી મા હતી તેવીજ દીકરી હતી.

મુલચંદની સાસુ ગામની અંદર સારા સારા પઇસાવાળુ માણસોને બોલાવી પોતાની છોકરીપર ખરાબ કામ કરવા

લાગી પઇસાની લાલચથી ધીકાર પડજો એવા પઇસાપર અને શીટકાર હોજો એવા માણસોપર જે પોતાની પીઆરી દીકરી ઉપર પઇસા વાસતે આવો ધાતકી જુલમ ગુજારે છે. અને માણસોની અંદર શુ તેઓ નાક લઇને ફરે છે. એવા માણસનુ પાપ ભુમી નહી જીલસે એવા માણસ પરવરદીગારના દરબારમાં કીઆ બચીજાસે ! (સંપુરણ બીજો ભાગ છપાય છે.)

મી અલીઆમદ હવે બસ કરો હવે લગભગ બારનું અમલ થવા આવીઉં છે, માટે મહેરબાની કરીને હવે રજા આપસો એવી આશા છે. અલીઆમદ કહે મી ખુશરો, આજની વાત કરેલી તુ કોઇ ચોપાનીઆમા લખી પરગટ કરે તો મને આશા છે જે ખોટે મારગે જનારા અટકસે અને સારો સુધારો જાસે. એવી આશા છે તો તે હુ વિચાર કરીસ. આ વાત થઇ રીઆ બાદ બને મીતર અરશપરશ વાતુ કરીને સલામ બને છુટા પડીઆ. વાંચનાર હુ કાઇ કવી અથવા સાએર નથી માટે મહેરબાની કરીને કોઇ ઠેકાણે ભુલ જોવામા આવે તે સુધારસો એવી સેવકને આશાછે સાહેબજી.

સમાપ્ત.

ચોપડી મળવાનું ઠેકાણું.

ક્રાફર્ડ મારકીટ, સીતારામ બીલડીંગ નવી તમાકુની

દુકાને ઇસમાયલ લાલજીને ત્યાં મળશે.